# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

## GUJARAT STATE

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

**No. : ACPC/ADM-18/805** **Dt. : 13-08-2018**

પ્રતિ,
**આચાર્યશ્રી / મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,**
**સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ.**

**વિષય : સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી સંસ્થાઓમાં ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/35/2013/PVS/102013/405/S તા. ૨૧-૬-૨૦૧૩ અને તેનાં વખતોવખતનાં સુધારાઓ**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ નાં ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનાં તબક્કા-૨ બાદ ખાલી રહેલી બેઠકો સરકારશ્રીનાં સંદર્ભિત જાહેરનામાના નિયમ-૨૧ મુજબ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને અનુસરીને fair, transparent & non-exploitative રીતે ભરવાની રહેશે.

**ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :**

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ-૨૦૧૮ નો ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીનો તબક્કા-૧ નો મેરીટ ક્રમાંક ધરાવતા અને પ્રવેશથી વંચિત ઉમેદવારો.
(૨) જુલાઈ-૨૦૧૮ બાદ માન્ય યુનિવર્સિટી દ્વારા પરીણામો મોડા જાહેર થવાના કારણે પ્રવેશ લાયકાત ધરાવતા ઉમેદવારો
(૩) પ્રવેશપાત્રતા ધરાવતા કે જેઓએ લાયકી પરીક્ષા જુલાઈ-૨૦૧૭ પહેલા ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો
(૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી B. Sc ની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો. ૧૨ (વિ.પ્ર.) ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો
(૫) અન્ય રાજ્યમાંથી માન્ય સંસ્થાઓમાંથી લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ પ્રવેશપાત્રતા ધરાવતા ઉમેદવારો.

તદ્ઉપરાંત પ્રત્યેક સંસ્થાએ નીચે મુજબનાં સામાયિક કાર્યક્રમને ચુસ્તપણે અનુલક્ષીને કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૦૧ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર પ્રસિદ્ધિ. | ૧૩-૦૮-૨૦૧૮ |
| ૦૨ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકો માટે પીનની વહેચણી નિર્ધારીત કરેલી કોટક મહિન્દ્રા બેંકની શાખામાંથી (બેંકના સમયગાળા દરમ્યાન) | ૧૪-૦૮-૨૦૧૮ થી ૧૮-૦૮-૨૦૧૮ |
| ૦૩ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકોના રજીસ્ટ્રેશન કરાવવાની કાર્યવાહી તેમજ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જે તે સંસ્થા ખાતે જમાં કરાવવાની કાર્યવાહી | ૧૫-૦૮-૨૦૧૮ થી ૨૦-૦૮-૨૦૧૮ |
| ૦૪ | ખાલી રહેલી બેઠકો માટે સંસ્થા સ્તરે મેરીટ બનાવી સંસ્થાના નોટીસ બોર્ડ કે, વેબાસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરી ખાલી રહેલી બેઠકો માટે સંસ્થા સ્તરે બેઠકોની ફાળવણી ની અંતિમ તારીખ. | ૨૫-૦૮-૨૦૧૮ |
| ૦૫ | ઓનલાઈન મોડ્યુલમાં ખાલી પડેલ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહીની વિગતોની અન્ટ્રી કરવાની અંતિમ તારીખ | ૨૮-૦૮-૨૦૧૮ |
| ૦૬ | પ્રવેશ સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની અંતિમ તારીખ | ૩૦-૦૮-૨૦૧૮ |

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું પાલન કરવાનું રહેશે. કોઈપણ સંસ્થા પ્રવેશ ફોર્મ સ્વીકારવાની ના પાડી શકશે નહીં. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાની વેબસાઈટ ઉપર 'ખાલી રહેલી બેઠકો'ની યાદી દર્શાવવાની રહેશે તેમજ પ્રવેશ સમિતિ દ્વારા ખાલી રહેલી બેઠકો ભરવા માટે જે સૂચનાઓ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**S/d**
**(મેમ્બર સેક્રેટરી)**